## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




નવા વર્ષમાં... નવા વચનો આપવાના છીએ... જેથી સૌપ્રથમ જુના વાયદાઓ ભૂલવા પ્રયત્ન કરશોજી...

# દહેગામના લક્ષ્મીપુરા ગામમાં જમીનમાં છુપાવેલો દારૂ પોલીસે ઝડપી પાડ્યો

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના લક્ષ્મીપુરા ગામે જમીનમાં છુપાવેલો દારુ ગાંધીનગર એલીસીબી પોલીસે પકડી પાડ્યો છે. જમીનની અંદર બેરલમાં છુપાવેલ ૧૦૬ નંગ બોટલ કિ.રૂ. ૨૧,૪૦૦ના મુદામાલ સાથે એક ઈસમની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પોલીસના કર્મચારીઓ દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન અ.હે.કો. અજયકુમાર કાળીદાસને બાતમી મળી હતી કે લક્ષ્મીપુરા ગામે રહેતા રણજીતસિંહ ઉર્ફે રંગો અંબાલાલ સોલંકીને ત્યાં રેઈડ પાડી હતી. આ રેઈડમાં મકાનની સીડીની બાજુની જગ્યામાં પોલીસે તપાસ કરતા જમીનની અંદર વિદેશી દારુનો જથ્થો સંતાડેલો હતો, જે પોલીસે શોંધી કાઢ્યો હતો. એક બેરલમાં વિદેશી દારુની ૭૫૦ અને ૧૮૦ મીલી




ની કુલ બોટલો નંગ ૧૦૬ કિ.રૂ. ૨૧,૪૦૦ ગણી પોલીસે કબ્જે કરી છે. જયારે આરોપી રણજીતસિંહ ઉર્ફે રંગો અંબાલાલ સોલંકી સામે કાયદેસરની કાર્યવાહી કરી છે.

# શહેરમાં સતત પાંચમા દિવસે ઠંડી યથાવત

## મહત્તમ તાપમાન વધતા દિવસ દરમિયાન ઠંડીમાં રાહત

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરને હીલ સ્ટેશન સ્વરૂપ બનાવનાર ઠંડી સતત પાંચમા દિવસે પણ યથાવત રહી છે. લઘુત્તમ તમાપન ૭.૪ ડિ.સે. નોંધાતા વસાહતીઓ ટાઢમાં ઠુંઠવાયા હતા. જયારે મહત્તમ તાપમાનમાં ચારેક ડિગ્રીનો વધારો થતા દિવસ દરમિયાનની ઠંડીમાં થોડીક રાહત અનુભવાઈ છે.



ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી આકરી ઠંડી અનુભવાઈ રહી છે. ઠંડીએ પાછલા કેટલાક વર્ષોના રેકોર્ડ તોડી નાંખ્યા છે. ખાસ કરીને ડિસેમ્બર માસનો અંતિમ સમય વધુ આકરો રહ્યો છે. ઠંડા પવનો રીતસર વસાહતીઓને ધ્રુજાવી રહ્યા છે. આખો દિવસ ગરમ વસ્ત્રોમાં વીંટાઈને ફરવું પડે તેવી શીત લહેર ફુંકાઈ રહી છે. ઘરના બારી બારણાં બંધ રાખવા પડી રહ્યા છે. વસાહતીઓ વહેલી સવારે અને મોડી રાતે ઘરની બહાર નીકળી શકતા નથી. છેલ્લા એક અઠવાડિયાથી આવી જ પરિસ્થિતિનો સામનો વસાહતીઓને કરવો પડી રહ્યો છે. સતત પડી રહેલી ઠંડીએ શહેરનો શીતાગારમાં ફેરવી દીધું છે. હીલ સ્ટેશન જેવો અનુભવ અહીંના વસાહતીઓ કરી રહ્યા છે.

# છેલ્લા ચાર વર્ષથી નાસતા ફરતા આરોપીને એસઓજી પોલીસે ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૩૧

સ્પેશીયલ ઓપરેશન ગ્રુપ ગાંધીનગરની ટીમના સભ્યોએ તેમની ટીમના જવાનો પેટ્રોલીંગમાં હતા. ત્યારે પોલીસ કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહને બાતમી મળી હતી કે



અડાલજ પોલીસ મથકમાં નોંધાયેલા દહેજના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતા ફરતા આરોપીને અડાલજ ટોલટેક્ષ પાસેથી ઝડપી પાડ્યો છે. ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા પોલીસ વડા મયુર ચાવડાની સુચનાથી જિલ્લા પોલીસ હરકતમાં આવી ગઈ છે. ત્યારે એસઓજી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શનમાં કડી પોલીસ મથકમાં દહેજના નોંધાયેલા ગુનામાં ૪ વર્ષથી નાસતો ફરતો આરોપી અડાલજ પોલીસ મથકના વિસ્તારમાં આવેલા ટોલટેક્ષ પાસે ઉભો છે. જે બાતમીને આધારે એસઓજી પોલીસના જવાનોએ બાતમીવાળી જગ્યા પર જઈને આરોપી ધર્મેશકુમાર દયાશંકર ઠક્કર ( રહે.સત્યા સોસાયટી, ચાંદખેડા)ને ઝડપીને અડાલજ પોલીસ સ્ટેશનને સોંપ્યો હતો.

# રાજસ્થાનની સરકારી બસમાં વિદેશી દારૂ સાથે બે ઈસમો ઝડપાયા

ગાંધીનગર,તા.૩૧

રાજસ્થાનથી ગુજરાતમાં દારુ ઘુસાડવા માટે બુટલેગરો વિવિધ સ્કિમ અપનાવી રહ્યા છે. ખાનગી તેમજ સરકારી વાહનોમાં પણ દારુની હેરાફેરીના બનાવો વધી રહ્યા છે. ત્યારે શનિરવારના રોજ ખાનગી લકઝરી બસમાં મુસાફરી કરી રહેલા યુવક પાસેથી ૮ બોટલ વિદેશી દારુ પકડાયો હતો. ત્યારબાદ રવિવારના રોજ પણ ચંદ્રાલા પાસે રાજસ્થાન પરિવહનની સરકારી બસમાં દારુનો જથ્થો લઈને આવતા બે શખ્સને પોલીસે ઝડપી પાડ્યા હતા. અમદાવાદના બે શખ્સો પાસેથી બેગમાં રાખેલા ૮૭ કવાર્ટસ સાથે મળી આવ્યા હતા. જેને પગલે પોલીસે બંન્ને શખ્સોની ધરપકડ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ રવિવારના રોજ ચંદ્રાલા નાકા પાસે વાહન ચેકીંગ કરી રહી હતી ત્યારે હિંમતનગરથી મોટા ચિલોડા તરફ જતી એક રાજસ્થાન પરિવહનની સરકારી બસ આવી હતી. બસને રોકીને તેમાં તપાસ કરતા કપડાની બેગ લઈને બેઠેલા બે યુવાનો શંકમંદ લાગતા બંને પાસે રહેલી બેગમાં તપાસ કરતા પેપરમાં વીંટાળેલી વિદેશી દારુની બોટલો મળી આવી હતી. પોલીસે યુવાનનુ નામ પુછતા મિનેશ દિનેશભાઈ પટ્ટણી (રહે. અડોદીયાનું ડેલુ, ઘી કાંટા, શાહપુર) અને બીજો યુવક દિપક રાજેશભાઈ પટ્ટણી (રહે. પટ્ટણી શેરી, ઘી કાંટા) હોવાનું સામે આવ્યું હતું. બંન્ને ઈસમો પાસેથી પોલીસે ૮૭ કવાર્ટસ કુલ રૂ. કિ. ૬૯૯૦ અને મોબાઈલ મળી કુલ રૂ.૧૬૯૬૦ નો મુદામાલ જપ્ત કર્યો છે. આ અંગે બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## પેથાપુરમાં શ્વાન માટે લાડુ બનાવતી મહિલાઓ...

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામના પંડ્યા બિલ્ડીંગના ખાચામાં વસવાટ કરતા બહેનોએ શ્વાન માટે લાડુ બનાવ્યા છે. જેમાં નિમિષાબેન પંડ્યા, મયુરી બેન પંડ્યા, ગીતાબેન પંડ્યા, માનસીબેન, શિલ્પાબેન, કિરણબેન સહિત દિવાળીબેન એ ભારે જહેમત ઉઠાવી હતી અને શ્વાનને લાડુ તૈયાર કરી પીરસવામાં આવ્યા હતા.




## ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટી દ્વારા દર્દીઓ માટે ફ્રી નિદાન કેમ્પ

ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટી ગાંધીનગર દ્વારા તા. ૨૯ ડિસેમ્બરને શનિવારના રોજ બપોરે ૨ થી ૪ કલાક દરમિયાન સેકટર-૨૩ ખાતે આવેલા બગીચાની સામે કેન્સરના દર્દીઓ માટે ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું. આ ફ્રી નિદાન કેમ્પમાં ૫૦ થી વધુ નાગરીકોએ લાભ લીધો હતો. આ નિદાન કેમ્પને સફળ બનાવવા માટે ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટીના ઉચ્ચ હોદેદારો પણ હાજર રહ્યા હતા. જેમાં અશ્વિન ત્રિવેદી, વિનાબા ઝાલા, હેમા સાગર, અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને કેમ્પને સામાન્ય નાગરીકો માટે ખુલ્લો મુક્યો હતો.



## માણસાની ઠચરાજ સોસાયટી ખાતે શ્વાન માટે લાડુ તૈયાર કરાયા

ગાંધીનગર જિલ્લાના માણસા શહેરની સૌથી જુની અને જાણીતી તેમજ લબ્ધ પ્રતિષ્ઠીત ઠચરાજનગર સોસાયટીમાં મહિલાઓ સંચાલિત ભજન મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ કુતરાઓ માટે લાડુ બનાવવાનું સેવા કાર્ય ધમધોકાર ચાલી રહ્યું છે. મકર સક્રાંતિ પર્વ નિમિતે ઉતરાયણ પૂર્વે માણસા નગરના સોસાયટી વિસ્તારમાં સ્થિત અબોલ પશુઓ તેમજ શ્વાન માટે ચોખ્ખા ઘીના લાડુ તૈયાર કરી તેના વિતરણનું ધર્મકાર્ય હાથ ધરવામાં આવ્યું છે.દર વર્ષે અંદાજીત ૧૦૦ કિલો ગ્રામથી પણ વધુ સામગ્રી એકત્ર કરીને ત્રણ ચાર તબક્કામાં લાડુ બનાવવામાં આવે છે. સોસાયટીની તમામ મહિલાઓ અને વયોવૃધ્ધ પ્રોઢાઓ ભેગા મળી સમુહમાં આ ભગીરથ કાર્ય કરી રહ્યા છે. આ ઉમદા સેવાયજ્ઞના પુણ્યકાર્યમાં મહિલાઓને એક અનેરો આનંદ અને સાચો સંતોષ પ્રાપ્ત થાય છે. તેમ ઠચરાજ સોસાયટીના ભજન મંડળના અગ્રણી શાંતાબેન પટેલે જણાવ્યું હતું.

## ઉદ્યોગોના સર્વાંગી વિકાસ માટે વિશેષ સેમિનાર થશે

સ્થાનિક અને વૈશ્વિક ઉદ્યોગ સમૂહોના પરસ્પરનું મજબુત જોડાણ કોઈપણ વ્યવસાય અથવા અર્થતંત્રની સફળતા માટે ખુબ જ મહત્વપૂર્ણ છે. રાજ્યના અર્થતંત્રમાં અને ઉદ્યોગોના વિકાસમાં ખુબ જ મહત્વપૂર્ણ સાબિત થયેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ પૂર્વે ‘‘ઈન્ડસ્ટ્રી કનેક્ટ સેમિનાર’’નું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના ઉદ્યોગોને ઈનોવેશન અને ટેકનોલોજી દ્વારા વ્યાપાર-ઉદ્યોગના વિસ્તાર માટે અને વૈશ્વિક વ્યાપારમાં સહભાગી બનવા માટે‘‘ઈન્ડસ્ટ્રી કનેક્ટ સેમિનાર’’ પ્લેટફોર્મ પૂરું પાડશે. ગુજરાતે વિજય રૂપાણીના કર્મઠ નેતૃત્વમાં ઉડીને આંખે વળગે તેવો ઔદ્યોગિક વિકાસ સાધ્યો છે. આ વખતે સમિટમાં ઉદ્યોગોને સાથે રાખીને સેમિનાર યોજવાનો નવતર અભિગમ અપનાવાયો છે જે અંતર્ગત વાપી અને ગાંધીધામ ખાતે અનુક્રમે તારીખ ૩ અને ૫ જાન્યુઆરીના રોજ ‘‘ઈન્ડસ્ટ્રી કનેક્ટ સેમીનાર’’ યોજાશે.




આજરોજ ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતેથી મોબાઈલ સીબીનાટ વાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ડી.એમ.સોલંકી અઅઅધિક મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.પિયુષ પટેલ દ્વારા લીલી ઝંડી આપી આ મોબાઈલ વાનને ફિલ્ડમાં રૂટ પ્રમાણે મોકલવામાં આવી હતી. સીબીનાટ મોબાઈલ વાન ગાંધીનગર તાલુકાના હાઈરીસ્ક વિસ્તારમાં ફરશે અને ટીબીના નિદાન અંગેની કામગીરી કરશે. આ સીબીનાટ વાન તા.૩૧ -૧૨ થી ૧૧-૧-૧૯ સુધી ફિલ્ડમાં ટીબી અંગેની તપાસ કરશે. આ ઉદ્‌ઘાટન પ્રસંગે જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતેથી તમામ સ્ટાફ હાજર રહ્યો હતો.

# વિદેશી રોકાણ આકર્ષવામાં દેશમાં ગુજરાત અગ્રેસર છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહત્વાકાંક્ષી અભિયાન ‘મેઈક ઈન ઈન્ડિયા’ કાર્યક્રમની સફળતાથી રોકાણકારો માહિતગાર થઈને પ્રેરિત થાય, એટલું જ નહીં આ અભિયાનને વેગ આપવા અને સંભવિત વિવિધ ક્ષેત્રોમાં વિકાસની તકો વિશે ચર્ચા-વિચારણા કરવા માટે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં તારીખ ૧૮ જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ ‘મેઈક ઈન ઈન્ડિયા’ પર વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે.

# શ્રી રોહિતદાસ સમાજ સેવા સંઘ ચાંદખેડા દ્વારા સન્માન સમારોહ

ગાંધીનગર, તા. ૩૦

સંત શિરોમણી શ્રી રોહિદાસ સમાજ સેવા સંઘ, ચાંદખેડા દ્વારા તેજસ્વી વિધાર્થીઓનો સન્માન અને સ્નેહ મિલન સમારંભનું આયોજન આજરોજ ચાંદખેડા ખાતે કરવામાં આવ્યું હતું. આ સમારંભને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

સંત શિરોમણી શ્રી રોહિદાસ સમાજ સેવા સંઘના પ્રમુખ શ્રી ભીખુભાઈ એમ. ભાલકીયાએ સંસ્થાના આરંભ કેવી રીતે થયો તેને શરૂ કરવા પાછળના ઉમદા આશયની વાત કરીને સંસ્થા દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓથી ઉપસ્થિત સર્વે લોકોને માહિતગાર કર્યા હતા. આગામી ભવિષ્યમાં સંસ્થાનું ત્રણ માળનું ભવન બનાવવા માટે ઉપસ્થિત સર્વેને દાન આપવા અપીલ કરીને ભવન બન્યા પછી શું શું કાર્ય કરવામાં આવશે, તેની પણ જાણકારી આપી હતી.




આ પ્રસંગે મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારના અને મહાનુભાવોના હસ્તે સમાજના વિવિધ શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ દેખાવ કરીનેસમાજને ગૌરવ અપાવનાર તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા દાન આપનાર દાતાઅશ્રીઓનું પણ સન્માન મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

